ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૦૮-૦૫-૨૦૨૬

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની સમીક્ષા બેઠક

- **ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત પોલીસ તંત્ર ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરીને કામ કરતી જોવા મળી : શ્રી અમિત ચાવડા**
- **સૌરાષ્ટ્રમાં ખેડૂતોના પડતર પ્રશ્નો અને યુવાનોની બેરોજગારીના મુદ્દે કોંગ્રેસ પાર્ટી આગામી દિવસોમાં જન આંદોલન કરશે : શ્રી અમિત ચાવડા**
- **પોલીસ, પ્રશાસન,બિલ્ડરો, અને ઉદ્યોગપતીઓએ ભાજપનો હાથો બનીને ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરી : શ્રી અમિત ચાવડા**
- **ભાજપના ઈશારે કામ કરતા તમામ અધિકારીઓને જનતા સમક્ષ ખુલ્લા પાડશું : શ્રી અમિત ચાવડા**
- **કોંગ્રેસ જીતી છે ત્યાં ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક વહીવટ કરી જનતાનો વિશ્વાસ જીતીશું : શ્રી અમિત ચાવડા**
- **પક્ષ પ્રત્યે વફાદારીથી કામ કરનારા પાયાના કાર્યકરોને મોટી જવાબદારીઓ સોંપીને નવાજવામાં આવશે : શ્રી અમિત ચાવડા**
- **પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા નેતા અને કાર્યકરો સામે રિપોર્ટના આધારે પગલાં લેવાશે : શ્રી અમિત ચાવડા**

રાજકોટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું કે, લોકોમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર અને પ્રશાસનિક ગેરવહીવટ પ્રત્યેની નારાજગી છતાં પરિણામો અપેક્ષાથી વિપરીત આવતા કોંગ્રેસ દ્વારા ઝોન વાઈઝ સમીક્ષા બેઠકોનો દોર શરૂ કરાયો છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત બાદ આજે રાજકોટ ખાતે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ અને ૬ મહાનગરોની મહત્વની બેઠક યોજાઈ હતી. તમામ ઝોનમાંથી એક સમાન સૂર ઉઠ્યો છે કે, સરકાર વિરુદ્ધ પ્રચંડ જનરોષ હોવા છતાં ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ રહ્યો હતો. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા પોલીસ અને પ્રશાસનનો ખુલ્લેઆમ દુરુપયોગ કરી ઉમેદવારી ફોર્મ ભરવાથી લઈને ફોર્મ ખેંચવા સુધીના તમામ તબક્કે ધાકધમકી અને દબાણની નીતિ અપનાવવામાં આવી હતી. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત પોલીસ તંત્રએ ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરી લીધો હોય તેવી રીતે કામ કરતી જોવા મળી હતી. સમીક્ષા દરમિયાન રજૂઆતો સામે આવી કે, પોલીસ અને તંત્ર દ્વારા પૈસાની રેલમ છેલ, બુટલેગરોની સાથે અનેક આરોપીઓને જેલમાંથી છોડવામાં આવ્યા જેના દ્વારા મતદારોને પ્રભાવિત કરવામાં આવ્યા હતા.સાથે સાથે સંગઠનમાં જ્યાં ક્યાંક કચાશ રહી ગઈ હોય, ઉમેદવારની પસંદગીમાં અથવા પ્રજાની વચ્ચે પહોંચવામાં ભૂલો થઈ હોય તેની પણ ગંભીરતાથી સમીક્ષા થઈ રહી છે. કોંગ્રેસના કાર્યકરો અને ઉમેદવારોએ તમામ દબાણો સામે મક્કમતાથી લડીને અનેક જગ્યાએ જન વિશ્વાસ જીત્યો છે અને જ્યાં જ્યાં પ્રજાએ બહુમતી આપી છે ત્યાં પારદર્શક, ભ્રષ્ટાચાર મુક્ત અને લોકોની અપેક્ષા મુજબનો વહીવટ કરીને બતાવવાનો કોંગ્રેસ પાર્ટીનો સંકલ્પ છે. સાથે સાથે જ્યાં જીત મળી નથી ત્યાં પણ કોંગ્રેસ એક જવાબદાર વિપક્ષ તરીકે પ્રજાના હકો માટે અવાજ ઉઠાવતી રહેશે અને ભ્રષ્ટાચાર તથા તંત્રના દુરુપયોગ સામે લડત ચાલુ રાખશે.

સૌરાષ્ટ્રમાં ખેડૂતોના પડતર પ્રશ્નો અને યુવાનોની બેરોજગારીના મુદ્દે કોંગ્રેસ પાર્ટી આગામી દિવસોમાં મોટા પાયે જન-આંદોલન શરૂ કરવા જઈ રહી છે. ભાજપ સરકારમાં ચારે બાજુ ભ્રષ્ટાચાર, ગેરવહીવટને અગામી દિવસોમાં કોંગ્રેસ પાર્ટીના નેતા અને કાર્યકરો ખુલ્લા પાડશે.ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પોલીસ અને પ્રશાસનના લોકો,બિલ્ડરો,મોટા ઉદ્યોગપતીઓએ ભાજપનો હાથો બનીને કામ કર્યું છે, ભાજપના ઈશારે કામ કરીને લોકોને ડરાવી દબાવીની ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરી છે એવા તમામ લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક અધિકારીઓ, પોલીસના અધિકારીઓ છે જેણે ભાજપના કાર્યકરો તરીકે કામ કર્યું છે અને કરોડો રૂપિયા ભ્રષ્ટાચાર કરીને ભેગા કર્યા છે એવા તમામ અધિકારીઓની મિલકતોની તપાસ થાય અને ભ્રષ્ટાચાર દ્વારા અપ્રમાણસર મિલકતો વસાવનારા અધિકારીઓ વિરુદ્ધ ACB, ED અને ઇન્કમટેક્સ જેવી સંસ્થાઓ દ્વારા તપાસની માંગ કરવામાં આવશે.સમીક્ષા બેઠકમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, તાલુકા શહેરના પ્રમુખશ્રીઓ અને પાર્ટીના પ્રભારીશ્રીઓ બધાને અહીંયા સમીક્ષા માટે બોલાવ્યા છે. એક-એક તાલુકા, એક-એક શહેર અને જિલ્લાની માહિતી મેળવી રહ્યા છે.પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે રિપોર્ટના આધારે પગલાં લેવાશે, જ્યારે વફાદારીથી કામ કરનારા પાયાના કાર્યકરોને સંગઠનમાં પ્રોત્સાહન અને નવી જવાબદારીઓ સોંપીને નવાજવામાં આવશે.

સમીક્ષા બેઠકમાં કોંગ્રેસ પાર્ટીએ ખેડૂતોના પડતર પ્રશ્નો અને પ્રજાલક્ષી મુદ્દાઓ પર આક્રમક રણનીતિ ઘડી છે. ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા વ્યાપક નુકસાન સમયે કિસાન આક્રોશ યાત્રા દ્વારા ખેડૂતોનો અવાજ બનેલી કોંગ્રેસે હવે સંપૂર્ણ દેવા માફી, ખોટી જમીન માપણી રદ કરવા અને મહેસૂલ વિભાગમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડત તેજ કરવાનો નિર્ણય કર્યો છે. ખાસ કરીને ખેડૂતોને ઉત્પાદનના પૂરતા ભાવ ન મળવા,ભાજપ શાસિત APMCમાં થતો ભેદભાવ અને ઉદ્યોગપતિઓના હિત માટે ખેડૂતોની મંજૂરી વિના ખેતરોમાં ઊભા કરાતા વીજ પોલ સામે વ્યાપક લડત લડવામાં આવશે.ખેડૂતોના પોલ બાબતના પ્રશ્નો છે, ખેડૂતોના દેવા માફી, ખેડૂતોને ઉત્પાદનના પૂરતા બજાર ભાવ મળે, માર્કેટની વ્યવસ્થા થાય અને સાથે સાથે ખોટી જમીન માપણી રદ કરવાના મુદ્દાઓને લઈ સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતમાં ખેડૂતો માટેની લડતની શરૂઆત કરવામાં આવશે.

ઉપરોક્ત સમીક્ષા બેઠકમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સેક્રેટરી શ્રી ઋત્વિક મકવાણા સહિત સૌરાષ્ટ્રના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮